સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૦ | ૨૯ ઓક્ટોબર, ૨૦૨૦, ગુરૂવાર; નિ. આસો સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિહારમાં ૭૧ બેઠક પર ૫૩.૪૬ ટકા મતદાન

**બિહારમાં પ્રથમ તબક્કાનું મતદાન : રાજકીય રીતે જાગૃત મનાતા રાજ્યમાં પ્રથમ તબક્કાના મતદાન બાદ ભાજપ અને નીતિશને મુશ્કેલીના એંધાણ**

પટણા, તા. ૨૮

કોરોના મહામારી દરમિયાન બિહાર દેશનું પહેલું એવું રાજ્ય છે જ્યાં બિહાર વિધાનસભાની ચૂંટણી થઈ રહી છે. જો કે બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને એ શંકા હતી કે કોરોના કાળમાં મતદારો ઘરમાંથી નીકળશે કે નહીં.જોકે, કોરોના કાળમાં પણ રાજ્યમાં ૭૧ બેઠકો માટેના પ્રથમ તબક્કામાં સાંજના ૭ વાગ્યા સુધી ૫૩.૪૬ ટકા મતદાન થયું હતું. ચૂંટણી આયોગ સામે વૉટિંગ પર્સન્ટેજ અને મતદાતાઓની



સુરક્ષા એક મોટો પડકાર હતો, પરંતુ ત્રણ તબક્કામાં થનારી બિહાર વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના વોટિંગ માટે મતદાતાઓનો ઉત્સાહ એ જણાવે છે કે બિહાર રાજકીય રીતે જાગૃત પ્રદેશ છે. કોરોના કાળમાં મતદાતાઓને લઈને બિહારની જનતાનો આ ઉત્સાહ વર્તમાન સરકાર પર ભારે પડશે કે વિપક્ષ પર એ તો ૧૦ નવેમ્બરના જ ખબર પડશે. ચૂંટણી લોકસભાની હોય કે વિધાનસભાની કોઈ પણ ચૂંટણીમાં ક્યારેય ૧૦૦ ટકા મતદાન નથી થતું. મતદાન દરમિયાન એ માનીને ચાલવામાં આવે છે કે સંબંધિત વિધાનસભા અથવા લોકસભા ક્ષેત્રના ૫ ટકા લોકો શહેર અથવા રાજ્યની બહાર હોવાના કારણે મતદાન નથી કરી શકતા, એટલે ૯૫ ટકા મતદારોના આધારે જ વૉટિંગ પર્સેન્ટેજ માનવામાં આવે છે. કોઈ પણ ચૂંટણીમાં ૬૦ ટકાથી ઓછું મતદાન થવા પર ઓછું મતદાન, ૬૦થી ૭૦ ટકા મતદાન સારું વૉટિંગ અને ૭૦ ટકાથી વધારે મતદાન કરવામાં આવે તો તેને ભારે મતદાન કહેવામાં આવે છે.

## ટેરર ફંડિંગ મામલે એનઆઈએના જમ્મુ-કાશ્મીર અને બેંગ્લોરમાં દરોડા



ન્યુ દિલ્હી,તા.૨૮

આતંકવાદીઓને નાણાં પૂરાં પાડતી કેટલીક એનજીઓના કાળાં કરતૂતો પકડવા NIA દ્વારા જમ્મુ કશ્મીરમાં દસેક ઠેકાણે અને બેંગાલુરુમાં એક સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતા.

ટેરર ફંડિંગના મામલે અગાઉથી મળેલી બાતમીના જોરે NIA દ્વારા શ્રીનગરમાં નવ સ્થળે અને બાંદીપોરામાં એક સ્થળે દરોડા પાડ્યા હતા. દક્ષિણ ભારતમાં કર્ણાટકના બેંગાલુરુમાં પણ એક સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો. જમ્મુ કશ્મીરની કેટલીક એનજીઓ દેશવિદેશથી ફંડ મેળવીને આતંકવાદીઓને પહોંચાડતી હતી. એવી એનજીઓના ઠેકાણાં પર NIA ત્રાટકી હતી. એનઆઈએ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે એક પ્રતિષ્ઠિત એનજીઓ ધર્મ અને સામાજિક કાર્યોના નામે દેશ વિદેશમાંથી નાણાં મેળવતી હતી અને એ નાણાં આતંકવાદીઓ તેમજ વિભાજનવાદીઓને પૂરાં પાડવામાં આવતાં હતાં.

NIA આવી આઠેક એનજીઓના દસ્તાવેજો તપાસી રહી હતી. અલગ અલગ નામથી અને અલગ અલગ ઉદ્દેશો દાખવીને દેશવિદેશથી નાણાં મેળવવામાં આવતા હતા. આ નાણાં હવાલા ચેનલ દ્વારા ભારતમાં આવતા હતા.

NIAના એક સૂત્રે આપેલી માહિતી મુજબ આ એનજીઓ જોખમી રીતે બહારથી નાણાં મેળવીને કશ્મીર ખીણ વિસ્તારમાં આતંકવાદીઓને તેમજ આતંકવાદ બનવા માગતા યુવાનોને ચૂકવતી

● અનુસંધાન પાન-૭ પર

## મધ્ય પ્રદેશ કોંગ્રેસમાં અસંતોષનો મધપૂડો વધુ એક વખત સળવળ્યો

**૨૯ ધારાસભ્યો હાથનો સાથ છોડી ચૂક્યા છે, હજુ વધુ સભ્યોમાં પણ અસંતોષ હોઈ તેઓ પક્ષ છોડે એવા સંકેત**

ભોપાલ, તા. ૨૮

મધ્ય પ્રદેશમાં કોંગ્રેસની કમલનાથ સરકારનું અધવચ્ચે જ સ્વાહા થયા બાદ પણ આગારામ-ગયારામનો સિલસિલો અટકવાનું નામ જ નથી લઈ રહ્યો તેમ લાગી રહ્યું છે. છેલ્લા ૭ મહિનામાં જ કોંગ્રેસના કેટલાક ધારાસભ્ય પેટાચૂંટણીમાં ભાજપમાં જોડાયા બાદ કોંગ્રેસે સરકારમાંથી હાથ ધોવાનો વારો આવ્યો હતો. અત્યાર સુધીમાં ૨૬ ધારાસભ્યોએ હાથ છોડી દીધા છે. હજી પણ કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો બીજેપીના સંપર્કમાં હોવાનો દાવો કર્યો છે. કોંગ્રેસના આ નારાજ ધારાસભ્યોના નામો આગામી કેટલાક દિવસોમાં પણ બહાર આવી શકે છે. થોડા દિવસ પહેલા જ પેટાચૂંટણી સમયે કોંગ્રેસના એક ધારાસભ્ય ભાજપમાં જોડાયા હતાં. હવે ભાજપના નેતાઓએ દાવો

● અનુસંધાન પાન-૭ પર

## જીવના જોખમને ધ્યાને રાખી ઝેડ પ્લસ સુરક્ષા આપો : સુપ્રીમ

**અંબાણી બંધુઓની સુરક્ષા પાછી ખેંચવાની અરજી રદ : અંબાણી બંધુ પોતાના પૈસે સુરક્ષા કરવા સક્ષમ હોવાની દલિલ સાથે તેમને સરકારી સુરક્ષા પાછી ખેંચવા અરજી**

નવી દિલ્હી, તા. ૨૮

સુપ્રીમ કોર્ટે મંગળવારે અંબાણી બંધુઓ- મુકેશ અંબાણી અને અનિલ અંબાણી પાસેથી ઝેડ પ્લસ સિક્યોરિટી કવર પાછું લેવાની અરજીને રદ કરી નાખી. તેણે બોમ્બે હાઈકોર્ટની તે ટિપ્પણીનું સમર્થન કર્યું છે કે, ઉચ્ચસ્તરીય સુરક્ષા તેમને આપવી જોઈએ જેમના જીવને જોખમ હોય અને જે સુરક્ષાનો ખર્ચ ઉઠાવવા માટે તૈયાર હોય. અરજીકર્તા હિમાંશુ અગ્રવાલે એમ કહીને બોમ્બે હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો કે, અંબાણી બંધુઓ પાસેથી સુરક્ષા પાછી લેવાની માગણી કરી હતી કે, તેઓ ધનિક છે અને પોતાના ખર્ચે સુરક્ષાની વ્યવસ્થા કરવામાં સક્ષમ છે.

બોમ્બે હાઈકોર્ટે કહ્યું હતું કે, કાયદાનું પાલન સુનિશ્ચિત કરવું રાજ્યની જવાબદારી છે. એમાં એવા નાગરિકોને સુરક્ષા આપવી પણ સામેલ છે જેમના જીવને જોખમ હોય. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની રેવન્યૂનો

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- કાશ્મીરમાં નવા જમીનના કાયદા સામે ૩૧મી ઓક્ટોબરે બંધ એલાન.
- આંતરરાષ્ટ્રીય વિમાની સેવા ૩૦મી નવેમ્બર સુધી બંધ રહેશે.
- દિલ્હીમાં શરૂ કરાયેલ શાળા-કોલેજો અનિશ્ચિત મુદત માટે બંધ કરાઈ
- દિલ્હી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર યોગેશ ત્યાગી તાત્કાલિક સસ્પેન્ડ
- ઈસરો-નાસાનો ઉપગ્રહ નિસાર ૨૦૨૨ સુધીમાં થશે લોન્ચ
- બિહારમાં પ્રચાર કરતા સ્મૃતિ ઇરાનીને કોરોના
- મોટેરા સ્ટેડિયમની ટેક્સની આકારણી શરૂ
- ગિરનાર રોપ-વેના ભાડામાં ઘટાડો કરાયો
- સંજય જૈનના સહયોગીઓ પાસેથી આઇટી તપાસમાં ૬૨ કરોડ રોકડા જપ્ત
- આગામી એપ્રિલ સુધીમાં ભારતીય વાયુસેનામાં સામેલ થશે ૨૧ રાફેલ વિમાનો

## દેશમાં કુલ કેસો ૮૦ લાખને પાર ૨૪ કલાકમાં ૪૩,૮૯૩ નવા કેસ

ન્યુ દિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોના વાઈસ સંક્રમણ ફેલાવવાની ગતિ હવે ધીમી થતી જોવા મળી રહી છે. દેશમાં છેલ્લા કેટલાક દિવસોથી ૫૦ હજારથી ઓછા કોરોના કેસ સામે આવી રહ્યાં છે. જે એક રીતે રાહતની વાત છે.

સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના અંદાજે ૪૪ હજાર નવા કેસ સામે આવ્યાં છે. જે મંગળવારે સામે આવેલા પોઝિટિવ કેસની સરખામણીમાં ૫ થી ૬ હજાર જેટલા અધિક છે.

ભારતમાં ગત એક દિવસમાં કોરોનાના ૪૩,૮૯૩ નવા કેસ સામે આવ્યાં છે. આ નવા કેસ ઉમેરાવા સાથે જ કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૭૯,૯૦,૩૨૨ પર પહોંચી ગઈ છે. જ્યારે આ દરમિયાન ૫૦૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આમ દેશમાં જીવલેણ કોરોના વાઈરસ કુલ ૧,૨૦,૦૧૦ લોકોને ભરખી ચૂક્યો છે.

જો કે સારી વાત છે કે, એક્ટિવ કેસોની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ગત ૨૪ કલાકમાં એક્ટિવ કેસોની સંખ્યામાં ૧૫,૦૫૪ ઘટાડો થયો છે. જેનાથી અત્યારે દેશમાં કુલ ૬,૧૦,૮૦૮ એક્ટિવ કેસ બચ્યાં છે. આ પ્રકારે છેલ્લા ૨૪ કલાકમાં ૫૮,૪૩૯ લોકો સ્વસ્થ થઈ ચૂક્યાં છે. આમ અત્યાર સુધી કુલ ૭૨,૫૯,૫૦૯ લોકોએ કોરોનાને માત આપી છે.

## સુશાંતની બંન્ને બહેનો રિયાની એફઆઈઆર સામે હાઈકોર્ટ પહોંચી

**સુશાંતની બહેનોને સતાવ્યો ધરપકડનો ડર : રિયા ચક્રવર્તીએ દાખલ કરેલી ફરિયાદની એફઆઇઆર કોપીને મુંબઇ પોલીસે સીબીઆઇને સોંપી છે : અહેવાલ**

મુંબઈ,તા.૨૮

બોલિવૂડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતની બહેન પ્રિયંકા સિંહ અને મીતૂ સિંહ વિરુદ્ધ રિયા ચક્રવર્તીએ સપ્ટેમ્બર મહિનામાં એક એફઆઈઆર નોંધાવી હતી. હવે સુશાંતની બહેનોને તે વાતનો પણ ડર સતાવી રહ્યો છે કે સીબીઆઈ તેમની પણ ધરપકડ કરી શકે છે. ધરપકડથી બચવા માટે તેમણે હવે બોમ્બે હાઈકોર્ટની રજૂઆત કરી છે કે તે આ કેસનું વહેલી તકે સમાધાન લાવે. રિયા ચક્રવર્તીએ સપ્ટેમ્બર મહિનામાં સુશાંતની બહેનો વિરુદ્ઘ એફઆઈઆર દાખલ કરી હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે

● અનુસંધાન પાન-૭ પર





## :: શ્રધ્ધાંજલિ ::

**ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર અને ભાજપા અગ્રણી**







**શ્રી મહેશભાઈ કનોડિયા** | **શ્રી નરેશભાઈ કનોડિયા**

ના દુઃખદ અવસાનથી શોકમગ્ન છીએ, આગવા અભિનય દ્વારા ગુજરાતી ચલચિત્રોને લોકપ્રિય બનાવી ગુજરાતીઓનું હૃદય જીતનાર સદાબહાર અભિનેતાની ખોટ ગુજરાતને હંમેશા રહેશે. સામાજીક અને કલાક્ષેત્રે તેમનું અમૂલ્ય યોગદાન નવી પેઢીને પ્રેરણા આપશે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્યા આત્માને સદગતિ આપે તેમજ પરિવારને અને સર્વે શુભેચ્છકોને આ દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે એ જ પ્રભુ ચરણોમાં પ્રાર્થના ૐ શાંતિ...

### રીટા કેતનકુમાર પટેલ

| દેવેન્દ્રસિંહ ચાવડા | મેયર | નાજાભાઈ ઘાંઘર |
|---|---|---|
| ચેરમેન | ગાંધીનગર | ડે.મેયર |

| | |
|---|---|
| નીતિનભાઈ પટેલ, કોર્પોરેટર | નિલાબેન શુક્લ, કોર્પોરેટર |
| મનુભાઈ પટેલ, કોર્પોરેટર | હર્ષાબા ધાંધલ, કોર્પોરેટર |
| ધિરૂભાઈ ડોડિયા, કોર્પોરેટર | પ્રવિણાબેન વોરા, કોર્પોરેટર |
| પ્રણવભાઈ પટેલ, કોર્પોરેટર | પ્રવિણાબેન દરજી, કોર્પોરેટર |
| નરેશભાઈ પરમાર, કોર્પોરેટર | પાર્વતિબેન પરમાર, કોર્પોરેટર |
| કાર્તિકભાઈ પટેલ, કોર્પોરેટર | પ્રિતીબેન દવે, કોર્પોરેટર |
| જયદેવભાઈ પરમાર, કોર્પોરેટર | બરખાબેન જહા, કોર્પોરેટર |